## ''શું મારા મૃત્યુથી સોક્રેટિસ ચાલ્યો જશે?''

# ...તો ઝેરનો બીજો પ્યાલો પી જઇશ

## ''મને તો જાડા લૂગડાં ના ફાવે'' સોક્રેટિસે જવાબ આપ્યો કે ''તો યુદ્ધ ફાવશે?''





વિવિધા

- ભવેન કચ્છી

સોક્રેટિસ પરનું રાજુ બારોટ નિર્દેશીત, અભિનિત અને પ્રવીણ હીરપરાને ટાઈટલ રોલમાં ચમકાવતું નાટક ખાસ્સી પ્રશંસા પામ્યું છે. ભરત દવેની સ્ક્રિપ્ટ નાટકનું હૃદય કહી શકાય. સ્વ. મનુભાઈ પંચોલી 'દર્શક'એ 'સોક્રેટિસ' નામની ઐતિહાસિક નવલકથા લખવા માટેનો હેતુ સમજાવતાં જણાવ્યું હતું કે ''સોક્રેટિસને આપણા આ કથળેલા સમયમાં આપણી વચ્ચે હરતો-ફરતો કરવો એ મારો મૂળ હેતુ છે. સોક્રેટિસના દ્રશ્ય-અદ્રશ્ય, શ્રાવ્ય કે અશ્રાવ્ય વ્યક્તિત્વની આબોહવામાંથી જન્મતો રસ ગ્રંથનો પ્રાણ છે.'' નાટક આ નવલકથાના આધારે અને તેવાં જ આશયથી તૈયાર થયું છે.

સોક્રેટિસ ઈતિહાસપુરુષ છે. તત્ત્વજ્ઞાની હતા એટલે જ શાશ્વત અને અમર બન્યા છે. આજે જ નહીં જીવની ઉત્પત્તિ થઈ ત્યારથી જ જો જનસમુદાયને સૌથી મોટો

તત્કાલીન બહુજન સમાજ જડ, ગુમરાહ કે ભ્રામિક સત્યનો ડોઝ પીતી રહે તે માટે શાસકો, ધર્મસત્તાધીશો અને કહેવાતા પંડિતો આવા વિચાર પુરુષને ઝેર આપતું હોય છે. સોક્રેટિસની તસવીર કંઈક આવી રજુ થઈ છે. જાડા હોઠ, મોટી તરતી આંખો,

### સોક્રેટિસનું તત્વજ્ઞાન અજર અને અમર



પહોળું નાક, એને કોણ ગ્રીક કહે? પણ તેના બોલ, તેનું હાસ્ય, પ્રત્યેક માટેની સમદ્રષ્ટિ અને લાગણી એમની સંપદા હતી.

નવી પેઢીને 'સોક્રેટિસ'ના

છતાં વિનોદપૂર્ણ અને સહજ રીતે નવલકથાના પાત્રો જોડે સંવાદ દરમ્યાન તત્ત્વજ્ઞાન પીરસી દીધું હતું તેનું રસપાન કરવા જેવું છે.

### જાડુ લૂગડું

* ''જાડા લૂગડા, પૌષ્ટિક ખોરાક, સાદો આસવ અને સહેજ મળતો આનંદ એટલું મેળવવાથી

વધારે આગળ જવું એટલે યુદ્ધ (દ્વંદ્વ, ક્લેશ, છેતરપિંડી, દ્વેષ) સિવાય કશુંય હાથમાં ન આવે...''

* પણ, સોક્રેટિસ ''મને તો

શું?''

''તો પરાજય.'' સોક્રેટિસે જવાબ આપ્યો.

### એથેન્સ છોડીને ભાગી જાવ

* ''લોકોને તમારા પ્રત્યે અણગમો શા માટે છે તે સમજાય છે?''

''શા માટે?'' સોક્રેટિસે વળતો પ્રશ્ન પુછ્યો.

''અનિચ્છિત સત્ય બોલવા માટે તમને સમાજના કહેવાતા રખેવાળો મૃત્યુદંડ આપવાના છે. તમે એથેન્સ છોડીને ભાગી જાવ.'' સોક્રેટિસે પ્રત્યુત્તર આપ્યો, ''જો એથેન્સ મારી સત્યશોધની રીત ન ચલાવી શક્યું તો બીજું કયું શહેર એ ચલાવી લે. તમે ખરેખર એવું માનો છો કે મારા મૃત્યુથી સોક્રેટિસ ચાલ્યો જશે?''

### ભૂખ?

* ''પિતાને કારાવાસમાં પૂરતું ખાવાનું પણ નથી મળતું તેવા પુત્રએ સોક્રેટિસને પૂછ્યું. ''ભૂખે મરવું તો બહુ આકરું ખરું ને?'' સોક્રેટિસે પુત્રને સાંત્વના આપતાં કહ્યું કે, ''માણસ નક્કી

* સોક્રેટિસની બેઠકમાં આલ્કેબીડીઝ જેવા શ્રીમંત નબીરાઓ અને એન્ટીસ્થીનીઝ જેવા ખુમારી ધરાવતા ગરીબોની સમાન હાજરી રહેતી હતી. સોક્રેટિસ જોઈ શકતા કે શ્રીમંતો જ નહીં, ઘણા ગરીબો અને સાદગીથી જીવન જીવનારાઓને તે માટેનું પણ અભિમાન રહેતું. એન્ટીસ્થીનીઝ ઘણાં દહાડા સુધી થીંગડાં દીધા વિનાનો ફાટેલો કોટ પહેરીને આવતો. સોક્રેટિસ તેને કહેતા કે ''આ તારા કાણામાંથી જ તારું અભિમાન ચાડી ખાય છે.''

* * *

* ''વિશ્વમાં જો કોઈ લાયકાત હોય તો તે એક જ છે.... અને તે છે.... જાણકારી. નહીં ધન, નહીં કુળ... નહીં રંગ.''

* ''ઊંધા પાત્ર પર, કાણા પાત્રમાં કે અધખુલ્લા પાત્રમાં મુશળધાર વર્ષા પણ શું કરે? પાત્ર ખાલી હોય તેવો શીખનાર છે ક્યાં?''

* ''ઈશ્વરના મનમા અને

જાણીએ. મનને ડહોળીને શું કરવું છે? જો ઈશ્વર જ આખરે આપણને ચકરાવે ચઢાવતા હોય તો તેને પગે માથું મૂકવું સારું ને. કમ સે કમ તેના અપરાધી તો ના બનીએ.''

* ''જેને આશરે આપણે 'અચંચલ, અનુદ્વેગકર, મૈત્રીપૂર્ણ થઈએ એ જ ખરું જ્ઞાન.''

### મદદ કરજે

* ક્રીટો અને સોક્રેટિસ બંને પાક્કા દોસ્ત હતા. ક્રીટો ખૂબ જ

હતી.

ક્રીટોએ સોક્રેટિસને એક વખત કહ્યું કે ''મિત્રોને બધુ સહિયારું હોવું જોઈએ તેમ તમે જ કહો છો ને.''

સોક્રેટિસે ક્રીટોને વધુ આશ્ચર્યમાં ગરકાવ કરાવતાં કહ્યું કે, ''હા, દુઃખ વખતે વિશેષ, મને દુઃખી જુએ ત્યારે મદદ કરજે જ.''

ક્રીટોએ ઘણીવાર ઈચ્છ્યું કે સોક્રેટિસને કોઈવાર દુઃખી જોઉં, પણ તે દિવસ આવ્યો જ નહીં. તેથી જ બંનેની એકબીજાને ત્યાં અવરજવર સહજ રહી હતી.

* * * * * *

* સાયંકાળ પછી પણ પૃથ્વીની ગરમી રહે છે અને પ્રભાતના કિરણો પણ રાત્રિની શીતલતા રોકે છે. નશ્વર પણ તરત